## ટ્રેક નં. ૩૫ : જિનાલય-જિનબિંબ વિષે

✻ જિન પ્રતિમા જિન સારખી. જિનબિંબને વંદન કરતા નિજબિંબને વંદી લઈએ. તો જાણી લઈએ જિનાલયો અને જિનબિંબ વિષે થોડું પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચામાંથી.

✻ માંગલિક

✻ ભક્તિ : હે. શાશ્વત ભવ્ય જિનાલય,
હે શાંતિ બરસતી ઈનમેં, (૨)
માનો આયા સિદ્ધાલય (૨)
મેરી બસ્તી હો ઉસમેં, મૈં હૂં શિવપુરકા વાસી.

✻ **પ્રશ્ન : અનાદિકાલથી એને એ જ પ્રતિમા જ છે?**

● ઉત્તર : હા, એને એ જ છે. રત્નરૂપે પરિણમેલા પ્રતિમાઓ છે. એમાં પરમાણુ આવે જાય છે, તો પણ પ્રતિમાઓ એને એ જ શાશ્વત છે. એને એ અનાદિકાળથી છે. જગતમાં સર્વોત્કૃષ્ટ જેમ તીર્થંકર ભગવાન છે. તે એવી રીતે આ પ્રતિમાઓ પણ શાશ્વત રચાઈ ગયા છે. કુદરતની એવી રીતે રચના છે. જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન છે એમ કુદરત બતાવી રહ્યું છે કે પ્રતિમાઓ પણ એ રૂપે પરિણમી ગયા છે. પરમાણુ. ૧.

✻ **પ્રશ્ન : એવડા મોટા?**

● ઉત્તર : જેવા સમોવસરણમાં બિરાજતા હોય એવા. જિનેન્દ્રને ઓળખે, પોતાને ઓળખે, જિનેન્દ્રને ઓળખે, જિનેન્દ્રદેવના પ્રતિમા પણ જગતમાં છે. પ્રતિમાઓ શાશ્વત, મંદિરો શાશ્વત. જગતમાં આદરણીય શું છે તે કુદરત બતાવી રહ્યું છે. આદરણીય અને મહિમા કોની કરવાની તે કુદરત બતાવી રહી છે કે મંદિરો શાશ્વતા ને પ્રતિમાઓ શાશ્વતા. ભગવાને પ્રગટ કર્યુ અને પોતાના દર્શનથી દેખાડી રહ્યા છે કે આ પ્રગટ કરીને આ રૂપે આમ ચૈતન્ય-બિંબ થઈ ગયા, આ કરવા જેવું છે. માર્ગ બતાવી રહ્યા છે ભગવાન

વાણી દ્વારા, દિવ્યધ્વનિ દ્વારા ક્યે માર્ગે જાવું? ગુરુદેવે ઓળખાણ કરાવી, ગુરુદેવે વાણી દ્વારા, કે માર્ગ ક્યો સાચો છે? ૨.

❀ બહેનશ્રી : વિહરતા ભગવાન એ શાશ્વતા. એક પછી એક પ્રવાહરૂપે શાશ્વતા જ રહે છે. ક્ષેત્ર એવું કે ત્યાં કાયમ ભગવંતો બિરાજમાન જ હોય છે. (મહાવિદેહમાં) ૩.

❀ બહેનશ્રી : (નંદીશ્વર દ્વીપમાં) શાશ્વતા મંદિરો છે. શાશ્વતા રત્નના મંદિરો અને શાશ્વતા પ્રતિમાઓ. પાંચસો પાંચસો ધનુષના. જેવા સમોવસરણમાં ભગવાન બેઠા હોય એવા રત્નના પ્રતિમાઓ, નાસાગ્ર દૃષ્ટિ. એક દિવ્યધ્વનિ નથી બાકી બધા જેવા ભગવાન હોય એવા પદ્માસનને, એવા પાંચસો ધનુષ, એવા ૧૦૮ પ્રતિમાઓ, (એક મંદિરમાં) બાવનમંદિરો છે, દ્વીપ આખો જાણે ભગવાનનાં મંદિરનો જ હોય એમ દિવ્ય છે. કુદરતી રચના. બધા પુદ્ગલની રચના ભગવાનરૂપે જ પરિણમી ગઈ છે. ભગવાન જ છે ત્યાં બધા. ૪.

✻ પ્રશ્ન : આ તો વિહરમાન તીર્થંકર કે (બીજા?)

● ઉત્તર : નહીં, તીર્થંકર નહીં, પ્રતિમાઓ છે. એ તો (તીર્થંકર) વિદેહક્ષેત્રમાં છે. ૫.

✻ પ્રશ્ન : એ પણ વિહરમાન તીર્થંકરની પ્રતિમાઓ કે (બીજી?)

● ઉત્તર : નહીં. પ્રતિમાઓ વિહરમાનની કે ચોવીસ તીર્થંકર (ભગવાન)ની એવું કંઈ નહીં. બસ ભગવાન જ. એમાં નામ ઠામ નહીં, બસ! જેવા ભગવાન સમોવસરણમાં બેઠા હોય એવા ભગવાન. બસ! સમોવસરણમાં બેઠેલા હોય એમ. ક્યા ભગવાન એવું કાંઈ નહીં, તીર્થંકર ભગવાન, ચોવીસ ભગવાન કે વીસ વિહરમાન ભગવાન એમ નહીં. તીર્થંકર ભગવાન, પદ્માસને. બસ! અશોક વૃક્ષ હોય, સિંહાસન હોય, બધી એવી સમોવસરણ જેવી રચના. નામ ઠામ નથી, કોઈના પ્રતિષ્ઠા કરેલા નથી, કુદરતી છે.

કુદરતી આ પુદ્‌ગલના પરમાણુ. જેમ આ પહાડો કુદરતી થાય છે. જેમ આ દુનિયાની અંદર પહાડો ને બધું, એમ કુદરતી પ્રતિમાઓ—રત્નના પ્રતિમાઓ છે. કોઈના બનાવ્યા વગરના હોય છે. ૬

✻ પ્રશ્ન : કૈલાસ પર્વત પર પણ છે ને ?

● ઉત્તર : ભરત ચક્રવર્તીએ પ્રતિમાઓ સ્થાપ્યા છે, ગઈ ચોવીસી, વર્તમાન ચોવીસી અને ભાવિ ચોવીસી—એવા બોંતેર બિંબ ભરત ચક્રવર્તીએ સ્થાપેલા છે કૈલાસ પર્વત પર. તે કૈલાસ પર્વત અત્યારે કોઈના હાથમાં નથી રહ્યો. એ રતનના પ્રતિમાઓ—ભરત ચક્રવર્તીએ બનાવેલા છે. ૭.

✻ પ્રશ્ન : જિનેન્દ્ર ભગવાનના એટલે કે વીતરાગ ભગવાનના દર્શન કરતાં, બહારમાં તો ચક્ષુ ઢળેલા છે, શાંત ભાવ છે અને જાણે કે કાઈ કાર્ય કરતા નથી એવો ભાવ આપણને ખ્યાલમાં આવે છે તો તેની આત્માર્થી જીવ પોતાની સાથે કેવી રીતે મેળવણી કરે?

● ઉત્તર : ભગવાન આવા નિષ્ક્રિય—આવા સ્વરૂપમાં ઠરી ગયા છે. એમની મુદ્રામાં વીતરાગતા દેખાય છે અને આત્માર્થી જીવ જે વિચાર કરે તે તો 'જેવા ભગવાન છે એવો જ હું છું, જેવા ભગવાન સ્વરૂપમાં ઠરી ગયા, વીતરાગતા પ્રગટ કરી એવો વીતરાગ સ્વરૂપ મારો આત્મા એવો જ છે. ભગવાનનો જેવો આત્મા એવો મારો આત્મા છે. હું કેમ ગ્રહણ કરું? અને મને કેમ પ્રગટ થાય?' એવું એને પોતા તરફનું ધ્યેય આવવું જોઈએ. પણ એ જ્યારે જ્યારે બધી વાર દર્શન કરે ત્યારે બધી વાર એ વિચારો આવે યા ન આવે, એને આદર ભાવમાં પોતાની આદરતાનું ધ્યેય એનું હોવું જોઈએ. બધી વાર કાંઈ બધી જાતના વિચારો કે કલ્પના એમ કર્યા કરે એવું તો ન હોય, ભગવાનના દર્શન કરે એટલે એને આદર ભાવ આવે. 'જેવા ભગવાન છે એવો હું છું' એવું ધ્યેય એને હોય છે. એ મને કેમ પ્રગટ થાય? ભગવાનના ગુણ દેખીને હું પણ આવો ગુણવાન

સ્વભાવવાળો—એવું મારું દ્રવ્ય છે એ મને કેમ પ્રગટ થાય? ભગવાન આવો પુરુષાર્થ કરીને સ્વરૂપમાં ઠરી ગયા, વીતરાગ દશા પ્રગટ કરી છે, એવો પુરુષાર્થ મને કેમ પ્રગટ થાય? એવી ભાવના પોતા તરફ, એવો સ્વભાવ મારો છે એવો એ મને કેમ પ્રગટ થાય? પોતાને ધ્યેય એવું હોવું જોઈએ. 'જેવા ભગવાન એવો હું છું.' પોતાના સ્વભાવ તરફનું ગ્રહણ ધ્યેય હોવું જોઈએ. ૮.

**✻ પ્રશ્ન : સ્વભાવ તરફના ગ્રહણનું ધ્યેય તો દર વખતે રહે જ, બહારનાં વિચારો અનેક પ્રકારે આવે કે આ શાંત મુદ્રા છે અને એમાં ઠરી ગયા છે, એવા અનેક જાતના વિચારો આવે, અંદરમાં પોતાને આનંદને માણે છે એવી જાતના વિચારો (આવે).**

● ઉત્તર : વિચારો અનેક જાતના આવે, પણ ધ્યેય પોતાના સ્વભાવ તરફનો. જેવો ભગવાનનો સ્વભાવ એવો જ મારો સ્વભાવ. પોતાનો સ્વભાવ ગ્રહણ કરવાનું ધ્યેય એવું હોવું જોઈએ કે મને આ કેમ પ્રગટ થાય? 'જેવા ભગવાન છે એવો હું છું' એવું સ્વરૂપ મને કેમ પ્રગટ થાય? ધ્યેય એવું હોવું જોઈએ, વિચારો અનેક જાતના રહે, ભગવાનને દેખીને, ભગવાનને દેખીને મહિમા એવો આવે કે ભગવાન સ્વરૂપમાં ઠરી ગયા, ભગવાન આવા છે. ભગવાન સમોવસરણમાં ધ્વનિ છોડે, અનેક જાતના બહારના એ વિચાર આવે, અને ભગવાનના અંતરના સ્વરૂપના પણ વિચાર આવે, ભક્તિવંતને બધી જાતના વિચાર આવે. ૯.

❀ બહેનશ્રી : 'જિન પ્રતિમા જિન સારખી'. જિનેન્દ્ર ભગવાનના દર્શન અને અંદર આત્માના વિચારથી સર્વદુઃખ ટળી જાય છે. પ્રતિમા જિન સારખી કહેવાય છે. એમાં એક જ દેખાય છે ભાવનાવાળાને પ્રતિમા અને ભગવાનમાં કાંઈ ફેર દેખાતો નથી. ભાવથી જોવે એને ભગવાન અને પ્રતિમામાં ફેર નથી દેખાતો. 'જિન પ્રતિમા જિન સારખી' એમ આવે છે. 'અલ્પ ભવસ્થિતિ જાગી સોય જિન પ્રતિમા જિન સારખી' એમ આવે છે. જગતની અંદર રત્નો પણ

ભગવાન રૂપે પરિણમી જાય છે. ભગવાન જગતમાં સર્વોત્કૃષ્ટ છે તો કુદરતમાં શાશ્વતા પ્રતિમાઓ છે. શાશ્વતા મંદિરો ને શાશ્વતા પ્રતિમાઓ–મેરૂમાં, નંદિશ્વરમાં બધે ઉર્ધ્વ, મધ્ય, અધોલોકમાં ચારે બાજુ છે. ૧૦.

✻ પ્રશ્ન : કઈ રીતે પ્રતિમારૂપે પરિણમે છે?

● ઉત્તર : પ્રતિમારૂપે રત્નો પરિણમી ગયા છે. સાધારણ પાછા નહીં પણ ઉંચા રત્નોના પરમાણુરૂપે એવા સ્કંધો પ્રતિમારૂપે ગોઠવાઈ ગયા છે. ૧૧.

✻પ્રશ્ન: કૃત્રિમ નહીં પણ રત્નો જ એવી રીતે પરિણમી ગયા છે?

● ઉત્તર : આ પુદ્‌ગલો રત્નરૂપે પરિણમીને બધા પ્રતિમાઓ રૂપે એના આકાર! બધા પ્રતિમાઓ બધા જાણે સાક્ષાત્‌ બધા ભગવાન જ બેઠા હોય. એક માત્ર વાણી નહીં, સમોવસરણમાં બેઠા હોય એવા આબેહુબ ૫૦૦-૫૦૦ ધનુષના. કોઈએ બનાવ્યા નથી, એની મેળે. કુદરત એમ કહી રહી છે કે જગતમાં ભગવાન સર્વોત્કૃષ્ટ છે. ૧૨.

✻ પ્રશ્ન : આશ્ચર્ય થઈ રહ્યું છે કે શાશ્વતા ભગવાન કઈ રીતે ?

● ઉત્તર : મંદિરો બધું કોઈએ બનાવ્યું નથી. એની મેળે સ્વયં. જેવા ભગવાન હોય એવા બરાબર. એમાં કાંઈ ફેર નથી. ૧૩.

✻ પ્રશ્ન : એની યાત્રા થઈ શકે ખરી ?

● ઉત્તર : દેવ કરી શકે. નંદીશ્વરની યાત્રા. મેરુપર્વતની યાત્રા કોઈ વિદ્યાધરો હોય તે કરી શકે. કોઈ દેવો લઈ જાય, વિદ્યાધર હોય તો જઈ શકે. કોઈ મુનિઓ શક્તિવાળા હોય તો જઈ શકે. બાકી નંદીશ્વરમાં તો દેવો જ જઈ શકે. મનુષ્ય જઈ શકતા નથી. ૧૪.

✻ પ્રશ્ન : અકૃત્રિમ જિનાલય. એમ કેવી રીતે હોય? માણસો એ તો કોઈ દી કર્યા જ નથી ને? શાશ્વતા જ ?

● ઉત્તર : શાશ્વતા જ છે. પુદ્‌ગલના પરમાણુની એવી રીતે કુદરતી રચના થઈ જાય છે. ભગવાનની મહિમા એવી છે, જગતમાં

જેમ ભગવાન સર્વોત્કૃષ્ટ એમ ભગવાનની પ્રતિમા પણ સર્વોત્કૃષ્ટ છે એમ કુદરત બતાવી રહી છે. બધા મંદિરો, પ્રતિમાઓ બધું શાશ્વત છે. જેમ પહાડો, ને એ બધું કોઈએ બનાવ્યું નથી, એ તો કુદરતી છે. જેમ આ પહાડો, આ બધા સમુદ્રો કુદરતી છે. કોઈએ બનાવ્યું નથી. એમ મંદિરો પણ કુદરતી છે. ભગવાન પણ કુદરતી છે. આ પુદ્ગલના પરમાણુ એવી રીતે રત્નની પ્રતિમાઓરૂપે પરિણમી ગયા છે કુદરતમાં શાશ્વત કોઈએ કર્યા નથી. ૧૫.

✻ **પ્રશ્ન : રત્નમણીના ને બધા? ૫૦૦ દેહમાનના? એક મંદિરમાં?**

● ઉત્તર : હા! રત્નમણીના. ૫૦૦ દેહમાનના, ૧૦૮ પ્રતિમાઓ એક મંદિરમાં. હા એવા છે. ૧૬.

ભક્તિ : રોમ રોમ પુલકિત હો જાય, જબ જિનવરકે દર્શન પાય (૨)
જ્ઞાનાનંદ કલિયાઁ ખીલ જાય, જબ જિનવરકે દર્શન પાય (૨)
જિનમંદિરમેં શ્રી જિનરાજ, તનમંદિરમેં ચેતનરાજ (૨)
તન ચેતનકો ભિન્ન પિછાન, જીવન સફલ હુઆ હૈ આજ(૨)

✻ **પ્રશ્ન : એટલે એનો કોઈ દિ વિરહ જ ન હોય ગમે એવો કાળ હોય તોય?**

● ઉત્તર : એ તો શાશ્વતા. નંદિશ્વરમાં, મેરૂમાં. એ બધા શાશ્વતા. ભવનવાસીમાં છે, વ્યંતરમાં, જ્યોતિષીમાં, વૈમાનિકમાં, બધામાં છે. એમાં કોઈ જઘન્ય મંદિર, કોઈ ઉત્કૃષ્ટ, કોઈ મધ્યમ એવી રીતે. ૧૭.

❀ બહેનશ્રી : દેવોમાં વૈક્રિયિક કરવાની શક્તિ, વૈક્રિયિકરૂપ બનાવવાની શક્તિ, વૈક્રિયિક કરવાની જરૂર ન પડે, એકલા ઈન્દ્રો ન જાય. બધા સાથે જાય. દેવોની સંખ્યા જ અસંખ્ય છે. દેવો સંખ્યાતા છે જ નહીં. દેવો અસંખ્યાતા છે. નાનામાં નાની એની સંખ્યા હોય તો ય અસંખ્યાતા દેવો છે. દેવો અસંખ્યાતા જ હોય, સંખ્યાતા ન હોય. અસંખ્યાતા હોય. એનું પર્વ મોટું છે ને દેવોનું. વચ્ચે નંદીશ્વર

દ્વીપ જ આખો પ્રતિમાઓનો છે. ત્યાં મનુષ્યો છે જ નહિ. એકલા મંદિરો જ છે. જિન પ્રતિમાઓ આપણા નંદીશ્વરમાં દેખાય બધા. જિન પ્રતિમાઓ ચારે કોર. ત્યાં તો સાક્ષાત્ જવું પડે ને! ત્યાં દેવોના દુદુંભિ વાગતા હોય! પૂજા થાતી હોય ને! એક માત્ર વાણી નથી, અહીં બીજું બધું. રચના સમોવસરણ જેવી રચના છે. સમોવસરણ રચના જેવી રચના છે. કેટલી રચના છે? એમાં જિનની પ્રતિમા જિનેન્દ્ર જેવી જ છે. જિનવર કહો કે જિનની પ્રતિમા કહો? બેય સરખા જ છે. કુદરતી રચાયેલી છે ભગવાનની સાથે, કુદરતના પરમાણુ જિન પ્રતિમારૂપે ગોઠવાઈ ગયા છે. કોઈએ બનાવ્યા નથી. રતનના શાશ્વતા. ૫૦૦-૫૦૦ ધનુષના અને સમોવસરણની રચના કુદરતે અને જેમ ભગવાનની રચના સાથે કુદરત બંધાયેલી છે. સમોવસરણ, ભગવાનની તો રચના થાય પણ હારે સમોવસરણની બધી રચના, જગતમાં ભગવાન જેમ હોય જ તીર્થંકરો, એમ એ શાશ્વત પ્રતિમાઓ હોય છે. પરમાણુ આવે ને જાય પણ એ પ્રતિમાઓ ફરતા, (ન હોય) ગંધકુટી પણ જુદી-જુદી હોય ૧૦૮, જેમ સમોવસરણ હોય એમ. સમોસરણમાં ઝાઝા (વધારે) ન હોય. વચ્ચે-વચ્ચે ગંધકુટી ઝાઝા (વધારે) જે હોય ને ત્યાં ૧૦૮ પ્રતિમા થઈ જાય છે. ઝાઝી ઝાઝી ગંધકુટી હોય ને ફરતી પીઠિકાઓ ઝાઝા ૧૦૮, સભાભૂમિ છેલ્લી આવે અને મોટી જગ્યા હોય ૧૦૮ એમ, પણ થાય. તે રચના કુદરતમાં થયેલી છે. પ્રતિમાની ભૂમિ પણ આવે છે. શાશ્વતા પ્રતિમાઓ રતનના. વિવિધ રતનના ભગવાન. અંજનગિરિનું મંદિર જુદું, દધિગિરિનું મંદિર જુદું, ૧૩ જિનાલયો છે તે જિનાલયો તો ૧૩ છે. એ ૧૩ જિનાલયોની અંદર ૧૦૮ પ્રતિમાઓ હોય. ૧૩ જિનાલયો છે તે જુદા છે. એક મંદિરમાં સમોવસરણની રચના હોય. 'સબ સમોવસરણ રચના મહાન' એમ જ આવે છે. એ આ નંદીશ્વરના તો ૫૦૦ ધનુષ હોય. બાકી આવે છે ને શાસ્ત્રમાં વર્ણન– જઘન્ય, મધ્યમ અને ઉત્તમ (ઉત્કૃષ્ટ) એમ એનું માપ આવે છે.

જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ. જે મેરૂમાં છે તે ઉત્કૃષ્ટ. ૫૦૦ ધનુષ્યના, પછી ભવનપતિ અને વ્યંતર એમાં જઘન્ય અને મધ્યમ એવું કાંઈક આવે છે. એનું માપ આવે છે, કાંઈક નાનું જિનાલય હોય તો પ્રતિમાઓનું માપ એ પ્રમાણે નાનું, ઓલા ઉત્કૃષ્ટ જિનાલયો આ બધા છે. મેરુમાં, નંદીશ્વરમાં, વૈમાનિકમાં એ બધા, એ બધા ઉત્કૃષ્ટ માપના છે. એના માપ આવે છે. ઓલું જઘન્ય અને મધ્યમ આવે છે. એ કાંઈક આવે છે મેરુમાં સોમનસ વન અને ભદ્રશાલ વન ને પાંડુકવન ને એમાં જુદું માપ આવે છે. મણીમાળા.....સભામંડપ ને બધું..... ૧૮.

❀ બહેનશ્રી : જગતમાં સર્વોત્કૃષ્ટ ભગવાન તીર્થંકરદેવ છે જિનેન્દ્રદેવ—પણ એની પ્રતિમાઓ જગતમાં છે, એ સ્વયંસિદ્ધ છે. એ પણ આશ્ચર્યકારી છે. ઈન્દ્રો પણ જાય છે ભગવાનની પ્રતિમા જોઈને એવા મંદિર, ઈન્દ્રોને આશ્ચર્ય લાગે છે. સમોવસરણ ઈન્દ્રો બનાવે છે અને આશ્ચર્ય પામે છે. આ તો કુદરતના બનેલા છે. જગતમાં જિનેન્દ્રદેવ સર્વોત્કૃષ્ટ છે. સર્વોત્કૃષ્ટ આદરણીય છે. વીતરાગી જિનેન્દ્રદેવ, પૂર્ણદશા, એમણે પ્રાપ્ત કરી છે અને પાછા પવિત્રતા અને પૂર્ણ પૂરા એવા જગતમાં સર્વોત્કૃષ્ટ એ આદરણીય છે. જગતમાં પ્રતિમાઓ પણ શાશ્વતા છે. બધે ઠેકઠેકાણે છે. દેવલોકના સ્થાનોની અંદર, દેવલોકમાં, મનુષ્યમાં, નંદીશ્વરમાં, મેરુમાં, વ્યંતર ભવનપતિ, જ્યોતિષી એ બધાના નિવાસોમાં શાશ્વતા પ્રતિમાઓ અને શાશ્વતા મંદિરો છે. નિવાસો તો બધા એ રતનના પણ એની સાથે મંદિરો પણ શાશ્વતા. દેવલોકના દેવો પૂજા કરે. ૧૯.

❀ બહેનશ્રી : જગતમાં પૂજનિક હોય તો જિનેન્દ્ર દેવ જ છે. બીજુ કોઈ પૂજનીય નથી એમ કુદરત બતાવી રહ્યું છે. જગતમાં મહિમા કરવાયોગ્ય હોય તો તીર્થંકર ભગવાન છે અને એની પૂજા કરવાયોગ્ય છે. બીજુ કોઈ પૂજનિક નથી. સર્વોત્કૃષ્ટ દેવ—જિનેન્દ્રદેવ, જિનેન્દ્રદેવની અંદર પંચપરમેષ્ઠી ભગવાની પ્રતિમા હોય જે

આત્માની સાધના કરે અને આત્મામાં પૂરા થઈ જાય, તે પૂજનિક છે, બીજું કોઈ નથી, કુદરત બતાવી રહ્યું છે. કહેવાનુંય ક્યાં રહે છે? કુદરત બતાવી રહ્યું છે. કુદરત એ રીતે પરિણમી રહ્યું છે. ભગવાન પણ એ પ્રભાવશાળી, વૈરાગી, ૫૦૦ ધનુષ જેવડા ભગવાન સમોવસરણમાં હોય એવડા. ઈન્દ્રો જે સર્વશક્તિમાન છે એવા ઈન્દ્રો પણ ભગવાનને નમી જાય છે. મંદિર પહોળું આટલું અને લાંબુ અને આટલું પહોળું, ૫૦ ક્ષેત્ર ને એના જોજન મંદિરના ભગવાન શાશ્વત બિરાજતા હોય છે. મનુષ્યલોકમાં સાક્ષાત્ તીર્થંકર હોય છે. આ તો પ્રતિમાઓ. સાક્ષાત્ તીર્થંકર ભગવાન ૫૦૦ ધનુષ્યના બિરાજતા હોય. એ પ્રમાણે મનુષ્યના દેહમાન એવી જાતના હોય. એના ક્ષેત્રો એટલા હોય ને સમોવસરણ એવડું હોય એ પ્રમાણે. બાકી મનુષ્ય એવા હોય. એના મકાનો એવડા હોય, બધા મોટા. દેવ વિમાન હોય એ બધું મોટું હોય. ૨૦.

* પ્રશ્ન : પૂજા પાઠથી (બહારનો) રસ ઓછો થાય?

● ઉત્તર : રસ ઓછો થાય, પૂજા પાઠથી રસ ઓછો થાય એમ નથી. અંતરમાં ભગવાનની એવી જિનેન્દ્રની મહિમા આવે કે જિનેન્દ્ર ભગવાને શું પ્રગટ કર્યું? વીતરાગતા. એવી વીતરાગતા મારામાં પણ છે. એવી વીતરાગતાનો રસ લાગે તો સંસારનો રસ છૂટી જાય. માત્ર પૂજા પાઠ તો ઘણા રૂઢિગતે પણ કરી રહ્યા છે. વાડામાં તમે જુઓ તો રૂઢિગતે પૂજા પાઠ કરી લે છે. તો જાણે ઘણું કર્યું, પૂજા પાઠથી રસ ઓછો ન થાય, પણ વીતરાગતાની મહિમા આવે તો રસ ઓછો થાય. આ ભગવાન નિષ્ક્રિય, અક્રિય પોતામાં ઠરી ગયા છે. 'આ પ્રભુ તમે આવું કર્યું. મને પણ એવું જોઈએ.' એવું કરીને જે પૂજા થાય, તો એનો રસ ઓછો થઈ જાય. 'મારે કાંઈ નથી જોઈતું. બસ! આપના સમીપે બેસીશું ને આપની પૂજા કરું. તે બસ! આપના ગુણગાન કરું, મહિમા કરું, એવી ભાવના, મહિમા—મારે આત્મા જ જોઈએ છે.' તો રસ ઓછો થાય, પૂજા પાઠથી રસ ઓછો ન થાય,

પોતાની ભાવના વીતરાગતા તરફ છે એટલે રસ ઓછો થાય છે. એમાં પૂજાપાઠ પછી આવી જાય, અશુભ પરિણામથી બચવા માટે પૂજા પાઠ વચ્ચે આવે છે ભગવાનની. ઈન્દ્રો પણ ભગવાનની પૂજા કરે, એવી પૂજા કરતા એટલી મહિમા આવે, જોનારા છક્ક થાય એવી જાતની, એટલી અંદરમાંથી મહિમા આવે, ભાવ ઉપર આધાર છે. ક્રિયા ઉપર આધાર નથી. ઘણા વાડામાં જો ને પૂજા કરી આવે, ચોખા મૂકી આવે, થોડા ભક્તામર સ્તોત્ર બોલી લે, એ કરી લીધું એટલે આવી ગયું. એ બધું માત્ર રૂઢિગતે છે. ભાવપૂર્વક હોવું જોઈએ, તો રસ ઓછો થાય. પોતાના ભાવથી, 'જિનપ્રતિમા જિન સારખી' પ્રતિમા ભગવાનની 'જિનેન્દ્ર ભગવાન હું તને જોઈને, સાક્ષાત્ જિનેન્દ્ર દેખું છું. બાકી કાંઈ દેખતો નથી. સમોવસરણમાં જેવા ભગવાન છે એવા તમને દેખું છું. ને એવો જ મારો આત્મા છે', જુદી જ ભાવના આવે તો રસ ઓછો થાય. ૨૧.

બોલો સદ્ગુરુદેવનો જય હો,
ભગવતી માતનો જય હો.